GJCU020075522024

સત્યમેવ જયતે

રજુ થયા તારીખ : ૧૯–૦૯–૨૦૨૪

દાખલ થયા તારીખ : ૧૯–૦૯–૨૦૨૪

ફેસલ થયા તારીખ : ૨૧–૦૪–૨૦૨૬

**અવધિ : વર્ષ: , માસ: , દિવસ:**

---

**મહે. છોટાઉદેપુરના અધિક જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ. છોટાઉદેપુર**

---

**ફો.કે.નં.૬૬૬૭/૨૦૨૪**

**આંક–**

**શ્રી સરકાર** ..... ..... ફરીયાદી

**વિરુધ્ધ**

**રાયસીંગભાઈ દેવલાભાઈ રાઠવા,**

ઉ.વ.આ. ૬૨, રહે.ખડખડ ખાડલીયા ફળીયા,

તા.જી.છોટાઉદેપુર

**મહેન્દ્રભાઈ રસીકભાઈ રાઠવા,**

ઉ.વ.આ. ૨૨, હાલ રહે.છોટાઉદેપુર રંગપુર નાકા,

તા.જી.છોટાઉદેપુર, મુળ રહે.ખડખડ ખાડલીયા ફળીયા,

તા.જી.છોટાઉદેપુર ..... ..... આરોપીઓ

**ગુન્હો:–બોમ્બે પ્રોહિબીશન એકટની કલમ–૬૫ એ, ઈ., ૮૧ મુજબ...**

---

**ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી :– એસ.એસ.મન્સુરી**

**આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રી :– આર.એ.રાઠવા**

---

## **JUDGEMENT**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૧૦/૦૩/૨૪ ના રોજ ક.૦૧:૩૦ વાગ્યે મોજે ખડખડ ગામે ખાડલીયા ફળીયે આ કામના આરોપી નં.૧ ના કબજા ભોગવટના મકાનમાં વગર પાસ પરમીટે ભારતીય બનાવટનો વિદેશી દારૂના પ્લા. ના હોલ તથા બીયર તથા કાચના કવાટરીયા મળી કુલ બોટલો નંગ–૪૫૬, કિંમત રૂા.૯૬,૬૦૦/– નો પ્રોહી મુદામાલ ગે.કા. નો રાખી રેઈડ દરમિયાન પકડાઈ જઈ તથા આરોપી નં.ર નાઓ હાજર નહી મળી આવી આરોપીઓએ **પ્રોહી એકટની કલમ–૬૫ એ, ઈ, ૮૧** મુજબનો ગુનો કરેલ હોય. ગુન્હો કર્યાની ફરીયાદ અનુસંધાને તપાસ ના અંતે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવા જણાતા નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

**(૨)** આ ચાર્જસીટ કોર્ટમાં રજુ થતાં તેને ફોજદારી કેસ રજીસ્ટરે નોંધી, આરોપીઓને પોલીસ પેપર્સની નકલો આપી આંક–૦૩ થી તહોમતનામું ફરમાવી આંક–૦૪ અને આંક–૦૫ થી આરોપીઓનો જવાબ લેતા તેઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરતા તેની સામે આ કેસ સાબીત કરવા ફરીયાદપક્ષે નીચે મુજબ પુરાવો રજૂ કરેલ છે.

### –: મૌખિક /દસ્તાવેજી પુરાવો :–

| અનુક્રમ નં. | આંક | પુરાવાની વિગત |
|---|---|---|
| ૧ | ૦૭ | ફરીયાદી– કેતનભાઈ સુમનભાઈ |
| ૨ | ૦૮ | અસલ ફરીયાદ |
| ૩ | ૧૧ | પંચસાહેદ– વાલસીંગભાઈ નજરુભાઈ ધાણક |
| ૪ | ૧૨ | પંચનામું |
| ૫ | ૧૩ | પંચસાહેદ– નાયકાભાઈ મોહનભાઈ રાઠવા |
| ૬ | ૧૬ | સાહેદ– પ્રજેશભાઈ રમેશચંદ્ર |
| ૭ | ૧૭ | સાહેદ– સાજનભાઈ કાજમભાઈ |
| ૮ | ૨૨ | ત.ક.અ.– દિલીપકુમાર રામેશ્વરદયાલ યાદવ |

ફરીયાદપક્ષે પુરાવો પુરો થતા આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે જેમાં તેઓ નિર્દોષ હોય તેઓની ઉપર ખોટો કેસ કરેલાનું જણાવેલ

છે. ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીઓના વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવી.

(૩) આ કેસના આખરી નિકાલ માટે નીચે મુજબ મુદાઓ ઉપિસ્થત થાય છે,

૧. શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકા ન રહે એ રીતે સાબીત કરે છે કે, તા.૧૦/૦૩/૨૪ ના રોજ ક.૦૧:૩૦ વાગ્યે મોજે ખડખડ ગામે ખાડલીયા ફળીયે આ કામના આરોપી નં.૧ ના કબજા ભોગવટના મકાનમાં વગર પાસ પરમીટે ભારતીય બનાવટનો વિદેશી દારૂના પ્લા. ના હોલ તથા બીયર તથા કાચના કવાટરીયા મળી કુલ બોટલો નંગ–૪૫૬, કિંમત રૂા.૯૬,૬૦૦/– નો પ્રોહી મુદામાલ ગે.કા. નો રાખી રેઈડ દરમિયાન પકડાઈ જઈ તથા આરોપી નં.ર નાઓ હાજર નહી મળી આવી આરોપીઓએ **પ્રોહી એકટની કલમ–૬૫ એ, ઈ, ૮૧** મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

(૪) રજુ થયેલ પુરાવાઓનું કાળજીપુર્વક મુલ્યાંકન કરતા ઉપરોકત મુદા ઓના નિર્ણયો નીચે મુજબ કરેલ છે.

**મુદા નં.૧:** નકારમાં.

**મુદા નં.ર :** આખરી હુકમ મુજબ.

(૫) આ નિર્ણયો કવા માટેના કારણો નીચે મુજબ છે.

**–:: કા ર ણો ::–**

**મુદા નં.૧ :–**

**૧)** ફરીયાદપક્ષે **ફરીયાદી કેતનભાઈ સુમનભાઈ** નાઓને આંક–૦૭ થી તપાસેલા છે અને તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તા.૧૦/૦૩/૨૦૨૪ ના રોજ તેઓ એલ.સી.બી. છોટાઉદેપુરમાં હે.કો. તરીકે ફરજ પર હતા ત્યારે રંગપુર પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા ત્યારે

તેઓના સાહેબને બાતમી મળેલ કે મોજે ખડખડ ગામે ખાડલીયા ફળીયામાં રહેતા આ કામના આરોપી નં.૧ નાએ પોતાના ઘરે ભારતીય બનાવટનો ઇંગ્લીશ દારૂ રાખી છુટક વેચાણ કરે છે જે હકીકતથી તેઓ ખડખડ ગામ નજીક પહોંચી બે પંચો વાલસીંગભાઈ તથા નાયકાભાઈ નાઓને બોલાવી સાથે રાખી બાતમીથી વાકેફ કરી તેઓ ઉપરોકત બાતમી વાળી જગ્યાએ રેડ કરતા સદર ઈસમ ઘરે હાજર મળી આવેલ. જેનું પંચો રૂબરૂ નામઠામ પુછતા તેને પોતાનું નામ રાયસીંગભાઈ રાઠવા નો હોવાનું જણાવેલ. તેમજ ઘરમાંથી વગર પાસ પરમીટનો ગોવા સ્પીરીટ ઓફ સ્મુથનેશ વ્હીસ્કી ૭૫૦ મીલીની બોટલ નંગ–૧૨૦, કિંમત રૂ.૫૩,૪૦૦/– તથા માઉન્ટ ૬૦૦૦ સુપર સ્ટ્રોંગ બીયર ૫૦૦ મીલીની ટીન નંગ–૨૪૦, કિંમત રૂ.૨૮,૮૦૦/– તથા લંડન પ્રાઈડ પ્રીમીયમ વ્હીસ્કી ૧૮૦ મીલીની બોટલ નંગ–૯૬, કિંમત રૂ.૧૪,૪૦૦/– એમ કુલ બોટલ નંગ–૪૫૬, કિંમત રૂ.૯૬,૬૦૦/–નો પ્રોહી મુદામાલ ગે.કા. મળી આવેલ. જેમાંથી સેમ્પલ કબજે કરેલ હોય અને તેનુ વિગતવારનું પંચનામું પંચનામામાં જણાવ્યા પ્રમાણેનું તેઓની રૂબરૂ માં પંચનામાની વિગતે લખેલ તથા મળી આવેલ મુદામાલ માંથી એક એક બોટલ સેમ્પલ અર્થે લઈ પંચનામાની વિગતે કબજે કરી મુદામાલ કયાંથી લાવેલ તે અંગે પુછતા મહેન્દ્રભાઈ રસીકભાઈ રાઠવા નાઓએ મંગાવેલ અને કયા લઈ જવાનો હતો તે તેને ખબર હોવાનું જણાવેલ. આરોપીઓ વિરૂધ્ધ પ્રોહી એકટની કલમ–૬૫ એ,ઈ, ૯૮(૨) મુજબની ફરીયાદ તેઓએ આપેલ. બનાવ ૦૧:૩૦ વાગે બનેલ. તેઓને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં ફરીયાદી તરીકે તેઓની સહી છે.

બચાવપક્ષના વિ.વ.શ્રી દવારા ઉલટતપાસ કરવામાં આવતા સાહેદે એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ જગ્યાએ જાહેર રસ્તો આવેલ છે, ત્યાં વાહનો અને માણસોની અવર જવર રહે છે તથા આજુબાજુમાં રહેણાંકના મકાનો આવેલા છે.

**૨)** ફરીયાદપક્ષે **પંચસાહેદ વાલસીંગભાઈ નજરુભાઈ ધાણક** નાઓને આંક–૧૧ થી તથા **પંચસાહેદ નાયકાભાઈ મોહનભાઈ રાઠવા** નાઓને આંક–૧૩ થી સોગંદ પર તપાસેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, પોલીસે

એક તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા તેઓએ સહીઓ કરેલી જે તેઓને બતાવવામાં આવે છે જેમાં પંચો તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. તેઓની હાજરીમાં પંચનામાની કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નહી.

સદરહું પંચસાહેદો ફરીયાદ હકીકતની મહત્વની બાબતને સમર્થન કરતા ન હોઈ તેમને ફરીયાદ પક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ અને તેમની ઉલટતપાસ કરેલ હોવા છતાં ફરીયાદ હકીકતને સમર્થન મળે એવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

બચાવપક્ષના વિ.વ.શ્રી દવારા ઉલટતપાસ કરવામાં આવતા સાહેદોએ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તૈયાર પંચનામામાં સહી કરેલી એ સિવાય બીજી કાંઈ હકીકત જાણતા નથી.

૩) ફરીયાદપક્ષે આંક-૧૬ થી **સાહેદ પ્રજેશભાઈ રમેશચંદ્ર** નાઓને સોગંદ પર તપાસેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ તા.૧૦/૦૩/૨૦૨૪ ના રોજ તેઓ એલ.સી.બી. છોટાઉદેપુરમાં ખાતે એ.એસ.આઈ. તરીકે ફરજ પર હતા ત્યારે તેઓ તથા પોલીસના અન્ય માણસો રંગપુર પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા ત્યારે બાતમી મળેલ કે મોજે ખડખડ ગામે ખાડલીયા ફળીયામાં રહેતા આ કામના આરોપી નં.૧ નાએ પોતાના ઘરે ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂ રાખી છુટક વેચાણ કરે છે જે હકીકતથી તેઓ ખડખડ ગામ નજીક પહોંચી બે પંચો વાલસીંગભાઈ તથા નાયકાભાઈ નાઓને બોલાવી સાથે રાખી બાતમીથી વાકેફ કરી તેઓ ઉપરોકત બાતમી વાળી જગ્યાએ રેડ કરતા સદર ઈસમ ઘરે હાજર મળી આવેલ. જેનું પંચો રૂબરૂ નામઠામ પુછતા તેને પોતાનું નામ રાયસીંગભાઈ રાઠવા નો હોવાનું જણાવેલ. તેમજ ઘરમાંથી વગર પાસ પરમીટનો ગોવા સ્પીરીટ ઓફ સ્મુથનેશ વ્હીસ્કી ૭૫૦ મીલીની બોટલ નંગ-૧૨૦, કિંમત રૂા.૫૩,૪૦૦/- તથા માઉન્ટ ૬૦૦૦ સુપર સ્ટ્રોંગ બીયર ૫૦૦ મીલીની ટીન નંગ-૨૪૦, કિંમત રૂા.૨૮,૮૦૦/- તથા લંડન પ્રાઈડ પ્રીમીયમ વ્હીસ્કી ૧૮૦ મીલીની બોટલ નંગ-૯૬, કિંમત રૂા.૧૪,૪૦૦/- એમ કુલ

બોટલ નંગ–૪૫૬, કિંમત રૂા.૯૬,૬૦૦/–નો પ્રોહી મુદામાલ ગે.કા. મળી આવેલ. જેમાંથી સેમ્પલ કબજે કરેલ હોય અને તેનુ વિગતવારનું પંચનામું પંચનામામાં જણાવ્યા પ્રમાણેનું તેઓની રૂબરૂ માં પંચનામાની વિગતે લખેલ તથા મળી આવેલ મુદામાલ માંથી એક એક બોટલ સેમ્પલ અર્થે લઈ પંચ નામાની વિગતે કબજે કરી મુદામાલ કયાંથી લાવેલ તે અંગે પુછતા મહેન્દ્ર ભાઈ રસીકભાઈ રાઠવા નાઓએ મંગાવેલ અને કયા લઈ જવાનો હતો તે તેને ખબર હોવાનું જણાવેલ. આરોપીઓ વિરૂધ્ધ પ્રોહી એકટની કલમ–૬૫ એ,ઈ, ૯૮(૨) મુજબની ફરીયાદ સાથેના કેતનભાઈ સુમનભાઈ નાઓએ આપેલ. બનાવ ૦૧:૩૦ વાગે બનેલ. તેઓ રેડમાં સાથે હોય તપાસના કામે ત.ક.અ. તેઓનું નિવેદન લીધેલ.

બચાવપક્ષના વિ.વ.શ્રી દવારા ઉલટતપાસ કરવામાં આવતા સાહેદે એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ જગ્યાએ જાહેર રસ્તો આવેલ છે અને ત્યાં માણસોની અવર જવર રહે છે.

૪) ફરીયાદપક્ષે આંક–૧૭ થી **સાહેદ સાજનભાઈ કાજમભાઈ** નાઓને સોગંદ પર તપાસેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ તા.૧૦/૦૩/૨૦૨૪ ના રોજ તેઓ એલ.સી.બી. છોટાઉદેપુરમાં ખાતે અ.હે.કો. તરીકે ફરજ પર હતા ત્યારે તેઓ તથા પોલીસના અન્ય માણસો રંગપુર પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા ત્યારે બાતમી મળેલ કે મોજે ખડખડ ગામે ખાડલીચા ફળીચામાં રહેતા આ કામના આરોપી નં.૧ નાએ પોતાના ઘરે ભારતીય બનાવટનો ઇંગ્લીશ દારૂ રાખી છુટક વેચાણ કરે છે જે હકીકતથી તેઓ ખડખડ ગામ નજીક પહોંચી બે પંચો વાલસીંગભાઈ તથા નાયકાભાઈ નાઓને બોલાવી સાથે રાખી બાતમીથી વાકેફ કરી તેઓ ઉપરોકત બાતમી વાળી જગ્યાએ રેડ કરતા સદર ઈસમ ઘરે હાજર મળી આવેલ. જેનું પંચો રૂબરૂ નામઠામ પુછતા તેને પોતાનું નામ રાયસીંગભાઈ રાઠવા નો હોવાનું જણાવેલ. તેમજ ઘરમાંથી વગર પાસ પરમીટનો ગોવા સ્પીરીટ ઓફ સ્મુથનેશ વ્હીસ્કી ૭૫૦ મીલીની બોટલ નંગ–૧૨૦, કિંમત રૂા.૫૩,૪૦૦/– તથા માઉન્ટ ૬૦૦૦ સુપર સ્ટ્રોંગ બીયર ૫૦૦ મીલીની ટીન નંગ–૨૪૦, કિંમત રૂા.૨૮,૮૦૦/– તથા લંડન પ્રાઈડ પ્રીમીયમ

વ્હીસ્કી ૧૮૦ મીલીની બોટલ નંગ-૯૬, કિંમત રૂ.૧૪,૪૦૦/- એમ કુલ બોટલ નંગ-૪૫૬, કિંમત રૂ.૯૬,૬૦૦/-નો પ્રોહી મુદામાલ ગે.કા. મળી આવેલ. જેમાંથી સેમ્પલ કબજે કરેલ હોય અને તેનુ વિગતવારનું પંચનામું પંચનામામાં જણાવ્યા પ્રમાણેનું તેઓની રૂબરૂ માં પંચનામાની વિગતે લખેલ તથા મળી આવેલ મુદામાલ માંથી એક એક બોટલ સેમ્પલ અર્થે લઈ પંચ નામાની વિગતે કબજે કરી મુદામાલ કયાંથી લાવેલ તે અંગે પુછતા મહેન્દ્ર ભાઈ રસીકભાઈ રાઠવા નાઓએ મંગાવેલ અને કયા લઈ જવાનો હતો તે તેને ખબર હોવાનું જણાવેલ. આરોપીઓ વિરૂધ્ધ પ્રોહી એકટની કલમ-૬૫ એ,ઈ, ૯૮(૨) મુજબની ફરીયાદ સાથેના કેતનભાઈ સુમનભાઈ નાઓએ આપેલ. બનાવ ૦૧:૩૦ વાગે બનેલ. તેઓ રેડમાં સાથે હોય તપાસના કામે ત.ક.અ. તેઓનું નિવેદન લીધેલ.

બચાવપક્ષના વિ.વ.શ્રી દવારા ઉલટતપાસ કરવામાં આવતા સાહેદે એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ જગ્યાએ જાહેર રસ્તો આવેલ છે અને ત્યાં માણસોની અવર જવર રહે છે.

૫) ફરીયાદપક્ષે આંક-૨૨ થી **ત.ક.અ. દિલીપકુમાર રામેશ્વરદયાલ યાદવ** નાઓને સોગંદ પર તપાસેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ તા.૧૦/૦૩/૨૦૨૪ ના રોજ છોટાઉદેપુર પો.સ્ટે. માં પો.સ.ઈ. તરીકે તેઓની ફરજ બજાવતા હતા તે વખતે છોટાઉદેપુર એલ.સી.બી. ના હે.કો. કેતનભાઈ સુમનભાઈ નાએ છોટાઉદેપુર પો.સ્ટે. માં સી. ગુના રજી. નં. ૧૦૨/૨૦૨૪ થી પ્રોહી એકટની કલમ-૬૫ એ, ઈ, ૮૧ મુજબનો ગુનો આરોપી રાયસીંગભાઈ રાઠવા તથા આરોપી મહેન્દ્રભાઈ રાઠવા નાઓ વિરુધ્ધ ફરીયાદ આપેલી ફરીયાદમાં ગુનો દાખલ કરવા તેઓએ યાદી કરેલ. ત્યારબાદ તપાસ તેઓની તરફ કરતા તેઓએ ફરીયાદ તથા પંચનામું વાંચી ગુનાથી વાકેફ થયેલા. જેમાં આરોપી નં.૧ પાસેથી પ્રોહી મુદામાલ બોટલ નંગ-૪૫૬, કિંમત રૂ.૯૬,૬૦૦/-મુદામાલ તથા આરોપી નં.૧ સાથે તેઓને તપાસ સોપતા તેઓએ તપાસ સંભાળેલી. તપાસના કામે સાહેદોના નિવેદનો તેઓએ લીધેલા અને આરોપી નં.૧ વિરુધ્ધની કાયદેસરની કાર્યવાહી કરી આરોપીને અટક કરેલો અને આરોપી નં.૨ મળી આવતા તેને

પણ અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ. સદર મુદામાલ એફ.એસ.એલ. માં રવાના કરેલ. તથા આરોપી નં.૩ રંગલાભાઈ રામસીંગભાઈ વાસ્કેલ નાઓનું પ્રોહી મુદામાલ ભરાવી આપનાર તરીકે નામ ખુલેલ પરંતુ તપાસ કરતા મળી આવેલ નહી. તપાસના કામે એફ.એસ.એલ. રીપોર્ટ આવેલ નથી જેથી રજુ કરેલ નથી. આરોપી નં.૧ અને ૨ વિરુધ્ધ પુરતા પુરાવા જણાતા તથા આરોપી નં.૩ રંગલાભાઈને નાસતો ફરતો બતાવી નામ. કોર્ટમાં ચાર્જસીટ કરેલ.

બચાવપક્ષના વિ.વ.શ્રી દવારા ઉલટતપાસ કરવામાં આવતા સાહેદે એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ જગ્યાએ જાહેર રસ્તો આવેલ છે અને ત્યાં વાહનો તથા માણસોની અવર જવર રહે છે તથા આ કામે કોઈ તટસ્થ સાહેદોના નિવેદન લીધેલ નથી.

૬) આમ, સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતા પંચસાહેદ વાલસીંગભાઈ નજરુભાઈ ધાણક તથા પંચસાહેદ નાયકાભાઈ મોહનભાઈ રાઠવા નાઓને સોગંદ પર તપાસેલ છે જેમાં તેઓએ માત્ર તૈયાર પંચનામામાં પોતાની સહી કરી તે સિવાય કોઈ કાર્યવાહી આંક-૧૨ થી રજૂ ગુનાવાળી જગ્યાના પંચનામામાં કરેલ ન હોવાનું જણાવતા વિ.એ.પી.પી.શ્રીએ તેઓને હોસ્ટાઈલ જાહેર કરેલ છે. આમ, પંચોની હાજરીમાં પંચનામાની વિગતે સદર મુદામાલ આ કામના આરોપીના ઘરેથી કબજે થયેલ હોવાની હકીકત સાબીત થયેલ નથી. પંચોને ખોટા માનવા કોઈ કારણ ઉપસ્થિત થતું નથી. આ કેસના એકમાત્ર સ્વતંત્ર અને તટસ્થ ગણી શકાય એવા પંચોનું ફરીયાદ પક્ષના કેસને સમર્થન સાંપડેલ નથી. કબજે કરાયેલ મુદામાલ ખરેખર વિદેશી દારૂ હોવા બાબતે એફ.એસ.એલ. નો આધાર રજૂ કરાયેલ નથી. અને જો વિદેશી દારૂ હોવાનું માનવામાં આવે છે પરંતુ તે પંચોની હાજરીમાં પંચનામાની વિગતે આરોપી નં.૧ ના કબજા ભોગવટાના મકાનમાંથી મળી આવેલ હોવાનું વ્યાજબી શંકા ન રહે એ રીતે સાબીત થયેલ નથી. આ કામે ફરીયાદી કેતનભાઈ સુમનભાઈ તથા સાહેદો સાજનભાઈ કાજમભાઈ, પ્રજેશ ભાઈ રમેશચંદ્ર નાઓએ આંક-૦૮ થી રજુ ફરીયાદને સમર્થનકારી જુબાની આપેલ છે. તેમજ આ કામના ત.ક.અ. દિલીપકુમાર રામેશ્વરદયાલ યાદવ

નાઓએ તેઓએ ફરીયાદ તથા પંચનામું વાંચી ગુનાથી વાકેફ થયેલા. જેમાં આરોપી નં.૧ પાસેથી પ્રોહી મુદામાલ બોટલ નંગ–૪૫૬, કિંમત રૂા.૯૬,૬૦૦/–મુદામાલ તથા આરોપી નં.૧ સાથે તેઓને તપાસ સોપતા તેઓએ તપાસ સંભાળેલી. તપાસના કામે સાહેદોના નિવેદનો તેઓએ લીધેલા અને આરોપી નં.૧ વિરુધ્ધની કાયદેસરની કાર્યવાહી કરી આરોપીને અટક કરેલો અને આરોપી નં.ર મળી આવતા તેને પણ અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ. સદર મુદામાલ એફ.એસ.એલ. માં રવાના કરેલ. તથા આરોપી નં.૩ રંગલાભાઈ રામસીંગભાઈ વાસ્કેલ નાઓનું પ્રોહી મુદામાલ ભરાવી આપનાર તરીકે નામ ખુલેલ પરંતુ તપાસ કરતા મળી આવેલ નહી. તપાસના કામે એફ.એસ.એલ. રીપોર્ટ આવેલ નથી જેથી રજુ કરેલ નથી. આરોપી નં.૧ અને ર વિરુધ્ધ પુરતા પુરાવા જણાતા તથા આરોપી નં.૩ રંગલાભાઈને નાસતો ફરતો બતાવી નામ. કોર્ટમાં ચાર્જસીટ કરેલ હોવાનું જણાવેલ છે. પરંતુ ફરીયાદી, સાહેદો તથા ત.ક.અ. ની ઉલટતપાસ જોવામાં આવે તો, બનાવ જગ્યાએ જાહેર રસ્તો આવેલ છે અને ત્યાં વાહનો તથા માણસોની અવર જવર રહે છે તેમ છતાં સદર કામે પંચ સાહેદો સીવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલ નથી. જેથી આરોપી નં.૧ ના કબજા ભોગવટના મકાનમાંથી પ્રોહી મુદામાલ મળી આવેલ હોય અને આરોપી નં.ર પણ તેની મદદગારી કરેલ હોય અને આરોપી નં.૩ નાએ સદર પ્રોહી મુદામાલ ભરાવી આપી ગુનો કરેલ હોય તે હકીકત નિર્વિવાદપણે ફરીયાદપક્ષ સાબિત કરી શકેલ નથી. જેથી સદર મુદામાલ સાથે આ કામના આરોપીઓને સાંકળવામાં ફરીયાદપક્ષ સફળ થયેલ નથી માટે મુદા નં.૧ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે.

**મુદા નં.ર :–**

મુદા નં.૧ ના નિર્ણયને આધીન મુદા નં.ર ના નિર્ણય તરીકે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

<u>**-: આખરી હુકમ :-**</u>

**(૧)** ક્રિ.પ્રો.કોડની કલમ-૨૪૮(૧) અન્વયે આ કેસના આરોપી નં.૧ **રાયસીંગભાઈ દેવલાભાઈ રાઠવા,** ઉ.વ.આ. ૬૨, રહે.ખડખડ ખાડલીયા ફળીયા, તા.જી.છોટાઉદેપુર તથા આરોપી નં.૨ **મહેન્દ્રભાઈ રસીકભાઈ રાઠવા,** ઉ.વ.આ. ૨૨, હાલ રહે.છોટાઉદેપુર રંગપુર નાકા, તા.જી. છોટાઉદેપુર, મુળ રહે.ખડખડ ખાડલીયા ફળીયા, તા.જી.છોટાઉદેપુર નાઓ ને તેની સામેનો બોમ્બે પ્રોહિબીશન એકટ ની કલમ-૬૫ એ, ઈ, ૮૧ મુજબ નો શિક્ષાપાત્ર ગુનાનો આરોપ ના સાબીત માની નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** સદર કામમાં કબજે કરેલ પ્રોહી. મુદામાલનો નિયામોનુસાર નાશ કરવો.

**(૩)** આ કામે બંને આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ-૪૩૭(એ) મુજબ અપીલ સમય સુધીના રૂા.૫૦૦૦/- (રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાતમચુરકો રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ તા.૨૧ મી, માહે: એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કરવામાં આવેલ છે.**

તા.૨૧-૦૪-૨૦૨૬
સ્થળ: છોટાઉદેપુર

**(અમિષ પ્રફુલચંદ્ર જોષી)**
અધિક જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.,
છોટાઉદેપુર
જજ કોડ : જીજે-૦૧૪૪૬